# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે - સોમનાથ સ્વાભિમાન પર્વ સહિત અનેક વિકાસ અને રાજદ્વારી કાર્યક્રમોમાં ભાગ લેશે.

2) સંસદનું બજેટ સત્ર આ મહિનાની 28મી તારીખે શરૂ થશે

3) હિમાચલ પ્રદેશમાં બસ અકસ્માતમાં 14 લોકોના મોત - 33 ઘાયલ

4) ઈરાનમાં, સરકાર વિરોધી પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં 62નાં મોત

5) અમદાવાદમાં મળેલી ભારતીય ઓલિમ્પિક એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં આગામી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક-2036ની ચર્ચા

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-GUJARAT-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. આ દરમિયાન, તેઓ સોમનાથ સ્વાભિમાન પર્વ સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

શ્રી મોદી રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસ કાર્યક્રમો અને રાજદ્વારી કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ.....

V/C: APARNA KHUNT

# PARL-BUDGET SESSION

સંસદનું બજેટ સત્ર આ મહિનાની 28મી તારીખે શરૂ થશે અને 2જી એપ્રિલ સુધી ચાલશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે સત્રનો પહેલો તબક્કો 13 ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. બીજો તબક્કો 9 માર્ચે શરૂ થશે. શ્રી રિજિજુએ જણાવ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બજેટ સત્ર માટે સંસદના બંને ગૃહો બોલાવવાની મંજૂરી આપી છે.

# HP-BUS ACCIDENT

હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં હરિપુરધાર નજીક ગઈકાલે એક ખાનગી બસ ખીણમાં પડી જતાં 14 લોકોના મોત થયા છે, 33 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

સાંભળીએ એક અહેવાલ....

V/C: RITESH-HIMACHAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે તથા ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ દરેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખની સહાયની જાહેરાત કરી. ઘાયલોને 50,000 રૂપિયા આપવામાં આવશે.

# RAILWAYS-AWARDS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારતીય રેલવે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં વૈશ્વિક ધોરણો સ્થાપિત કરવા અને મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે.

**ગઈકાલે નવી દિલ્હીમાં 70મા અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર સમારોહમાં તેમણે આ મુજબ જણાવ્યું. આ પ્રસંગે તેમણે 100 રેલવે અધિકારીઓ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રેલવે ઝોનનું સન્માન કર્યું.**

BYTE: **અશ્વિની વૈષ્ણવ**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# DELHI-WORLD BOOK FAIR

**53મો નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે.**

**સાંભળીએ એક અહેવાલ..**

V/C- SHIVANG

# NT. ED-RAID MAMATA-SC

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ -EDએ દરોડા કેસમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સામે કોલકાતા વડીઅદાલત કરેલી અરજીમાં રાહત ન મળતાં ED એ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

શનિવાર અને રવિવાર રજાના કારણે ED ઓનલાઈન અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યું છે. સૂત્રો કહ્યું કે EDએ તાત્કાલિક સુનાવણીની વિનંતી કરી છે. દરમિયાન, રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

# VIKSIT BHARAT YOUNG LEADERS

વિકાસિત ભારત યંગ લીડર્સ ડાયલોગનની બીજી આવૃતિ ગઈકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થઈ છે.

આ પ્રસંગે બોલતા, યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, રક્ષા ખડસેએ જણાવ્યું કે રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનોની સક્રિય ભાગીદારી જરૂરી છે. યુવાનોના વિચારો, ઉર્જા અને નેતૃત્વ આગામી 25 વર્ષોમાં દેશના ભવિષ્યને આકાર આપશે.

ઉલ્લેખનીય છે કે વિકાસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ, યુવાનોમાં નેતૃત્વ, નવીનતા અને નાગરિક જવાબદારીને પ્રોત્સાહન આપવા માટેની એક પહેલ છે.

# SHAH-DRUG-FREE

31 માર્ચથી રાષ્ટ્રવ્યાપી ડ્રગ વિરોધી ઝુંબેશ શરૂ કરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટરની 9મી બેઠકમાં આ મુજબ જણાવ્યું.

તેમણે કહ્યું આ ઝુંબેશનો હેતુ દેશને ડ્રગ મુક્ત બનાવવાનો છે. તેમણે ૩૧ માર્ચ સુધીમાં ડ્રગ્સની સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક ડ્રાફ્ટ પ્લાન તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો અને પોલીસ મહાનિર્દેશકોને જપ્ત કરાયેલા ડ્રગ્સનો સમયસર નાશ સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લેવા વિનંતી કરી હતી.

તેમણે કહ્યું કે, તમામ વિભાગોએ ૨૦૨૯ સુધીમાં ડ્રગ્સ સામેની લડાઈ માટે એક રોડમેપ તૈયાર કરવો જોઈએ અને તેના સમયસર અમલીકરણ માટે સમીક્ષા પદ્ધતિ સ્થાપિત કરવી જોઈએ.

# IRAN-PROTEST

ઈરાનમાં, સરકાર વિરોધી પ્રદર્શનો 31 પ્રાંતોમાં ફેલાયા છે, પશ્ચિમ એશિયાઈ દેશમાં વધતી જતી આર્થિક કટોકટીએ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોને વેગ આપ્યો છે, જેમાં વધતા જતા ફુગાવા, બેરોજગારી અને નબળા ચલણને કારણે જાહેર આક્રોશમાં વધારો થયો છે.

હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી અનુસાર, ગયા મહિનાની 28મી તારીખે વિરોધ પ્રદર્શનો શરૂ થયા પછી 62 લોકો માર્યા ગયા છે- 2,300 થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.

# IOA AGM

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા ગુજરાતના અમદાવાદ ખાતે મળી હતી. જેમાં આગામી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક-2036 સહિતના વિવિધ મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બે મહા રમતોત્સવને લઈને વાર્ષિક સામાન્ય સભામાં રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનને અપાતી વાર્ષિક ગ્રાન્ટ 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરવાનો નિર્ણય પણ લેવાયો હતો. એટલું જ નહીં કોમનવેલ્થ ગેમ્સમાં ભારત ઉજ્જવળ દેખાવ કરશે તેવી આશા આઇઓએના પ્રેસિડેન્ટ પી. ટી. ઉષાએ વ્યક્ત કરી છે.

ભારત સરકાર દ્વારા આગામી કોમનવેલ્થ ગેમ્સ-2030નું ગુજરાતની યજમાનીમાં આયોજન કરવાની તક મળી છે. આ ઉપરાંત વર્ષ 2036માં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સના બિડની પણ તૈયારીઓ થઈ રહી છે, ઓલિમ્પિકની યજમાની ગુજરાતમાં કરવાનું આયોજન છે. ત્યારે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઇઓએ)ની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) અમદાવાદમાં મળી હતી.

# WPL-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, ગઇકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઈન્ડિયન્સને ત્રણ વિકેટથી હરાવ્યું.

નવી મુંબઈમાં રમાયેલી આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરતા છ વિકેટે ૧૫૪ રન બનાવ્યા. જવાબમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે નિર્ધારિત ઓવરોમાં સાત વિકેટ ગુમાવીને ૧૫૭ રન બનાવીને લક્ષ્યને પાર કરી લીધું.

ચોથી મહિલા પ્રીમિયર લીગ બે સ્થળોએ રમાઈ રહી છે: નવી મુંબઈમાં ડૉ. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી અને વડોદરામાં બીસીએ સ્ટેડિયમ. નવી મુંબઈ પછી, પ્લેઓફ મેચો સહિત બાકીની ૧૧ મેચો વડોદરામાં રમાશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિટા દવે

- આજના મોટાભાગનાં સમાચાર પત્રોએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રંપના સમાચારોને પ્રમુખ સ્થાન આપ્યુ છે.
- ગુજરાત સમાચાર લખે છે "હવે મેક્સિકોની ડ્રગ કારટેલનો કચ્ચરઘાણ કાઢીશ- ટ્રમ્પ
- ટ્રેડ ડીલ મામલે ભારત અમેરિકા વચ્ચે તડાફડી. આ સમાચાર નવગુજરાત સમયે મુખ્ય મથાળે છાપેલ છે.
- જ્યારે ટાઇમ્સ ઓફ ઈન્ડિયા એ છાપ્યું છે " ઈન્ડિયા REFUTES US CLAIM THAT TRADE DEAL  STALLED DUE TO PM"
- રશિયાનો UKREN પર વિનાશક ઓરેશનિક મિસાઈલથી હુમલો 4ના મોત 22 ઘાયલ આ સમાચાર ગુજરાત સમાચારે પ્રથમ પાને લીધેલ છે.
- અન્ય સમાચારાં હિમાચલ પ્રદેશમાં બસ દુર્ઘટનાના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ  ઉપર પ્રકાશિત કર્યા છે.
- રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં રાજકોટના જેતપુરમાં ભૂકંપના ઉપરાઉપરી આંચકા,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસને સ્થાન મળેલ છે